
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



કાકા... હવે રેલવે ટ્રેક પર ડબલુ લિ બેસવામાં તમને બે કારણોસર પોલીસ પકડી જશે... એક સ્વચ્છતા અભિયાન અને બીજુ એવું લાગશે કે અનામત માંગવા અહી બેઠા છો...!!

## કોમ્યુનીટી સ્પોર્ટસ ડેવલપમેન્ટ યોજનાનો લાભ લેવા તક

રાજ્યમાં શાળા, કોલેજો વિદ્યાર્થીઓ પાસે રમત-ગમતના પુરતા મેદાનો સુવિધાઓ ઉપલબ્ધ હોતા નથી. સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો યોગ્ય ઉપયોગ થાય અને પ્રતિભાશાળી ખેલાડીઓને સ્પોર્ટસ તાલીમ મળી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા કોમ્યુનીટી સ્પોર્ટસ ડેવલપમેન્ટ યોજના અમલમાં મુકવામાં આવી છે.

ઈન્સ્ફ્રાસ્ટ્રક્ચરની પસંદગી માટે નગરપાલિકા, મહાનગરપાલિકા, સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓ, ખાનગી ક્લબ સંસ્થા વગેરે દ્વારા જિલ્લાના સિનિયર કોચ પાસેથી ૧૫ જુલાઈ સુધીમાં ફોર્મ મેળવી ૨૦ જુલાઈ સુધીમાં મોકલી આપવાના રહેશે તેમ સિનીયર કોચે જણાવેલ છે.



## ચિલોડા સર્કલે ટ્રાફીકમાં રેલીંગ વિઘ્ન

અમદાવાદ, ગાંધીનગર, દહેગામ અને પર પ્રાંતમાંથી મસ મોટા ટેલર ચિલોડા થઈ પસાર થઈ રહ્યા છે. આ ભારે અને લંબાઈમાં લગભગ ૨૦૦ ફૂટ ધરાવતા આ ટેલર પસાર થવા દરમિયાન ચિલોડા સર્કલ નજીક એકદમ પાસે બનાવેલ રેલીંગથી વળાંક લેવામાં ભારે મુશ્કેલી ઉભી થઈ રહી છે જે કારણે વધારે સમય ટેલર રસ્તામાં ઉભુ થઈ જતા ચોતરફ ટ્રાફીક જામની સ્થિતિ સર્જાય છે. ચિલોડા પોલીસ તેમજ હોમગાર્ડની ટેલર પસાર કરવાની આખરી મહેનત પણ રેલીંગની આડેધડ વ્યવસ્થામાં અડચણ પેદા કરી રહી છે. ભારે અવરજવર અને વાહનોની આવનજાવન થી ધમધમતા ચિલોડા સર્કલે આ ટેલર પસાર થવા દરમિયાન શ્વાસ થંભી જાય તેવી સ્થતિ સર્જાય છે જેથી સત્વરે રેલીંગ અને સર્કલ પાસે વધારે જગ્યા ઉભી કરાય તેવી માંગ ઉઠવા પામી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરના સીમાડે આવેલ જીઆઈડીસીની ઈલેક્ટ્રીક અને એન્જીનીયરીંગ વસાહતોમાં વરસાદી પાણીના નિકાલ માટેની અસરકારક વ્યવસ્થાની માંગ ઉઠવા પામી છે.

● આજે બપોર બાદ વરસાદે વિરામ લેતાં નગરમાં ભરાયેલા પાણી ધીરે ધીરે ઓસરવા લાગ્યા છે.

● ગાંધીનગર કલેક્ટર કચેરીમાં જ આજે બે પશુઓ ઘુસી ગયા હતા. પાંચેક મિનિટની મહેનત બાદ પશુઓ પાછા ન વળતાં તેમને પાછળ હાંકી કઢાયા હતા અને ત્યાંથી પછી તે દૂર કરાયા હતા.

● ગાંધીનગર કલેક્ટર કચેરી અને જિલ્લા પંચાયતમાં જ વરસાદી ભેજને લઈ પાણી ભીંત પર આવતુ જોવા મળ્યું હતુ. આને લીધે કચેરીઓમાં પોપડા પણ બાજી અને ઉખડી પડેલા જોવા મળતા હતા.

● ગાંધીનગર શહેરના સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાઈ જતાં પાણીના નિકાલની ગંભીર સ્થિતિ ઉભી થવા પામી છે. સે. ૨૪, સે. ૨૨, સે. ૨૧, સે. ૩૦ તેમજ ફતેપુરા, ગોકુળપુરા અને નવા સેકટરોમાં આ પરિસ્થિતિ વિકટ છે.

● ગાંધીનગર શહેરમાં વરસાદને પગલે વાહનો ખોટકાઈ જવાની ઘટનાઓ વધુ બની હતી.

● આજે આરોગ્ય તંત્રએ જિલ્લાના રોગચાળા નિયંત્રણ અધિકારીઓની મહત્વની બેઠક બોલાવી છે જેમાં પાણીજન્ય રોગચાળાને નિયંત્રણમાં રહે તે માટે લેવા જેવા પગલાંઓની વિસ્તૃત જાણકારી આપી સમીક્ષા કરાશે.

# જીઈબી ખાતે યુવતીના ઘરે જઈ પ્રેમી યુવાને ધમાલ મચાવી

### તારી દીકરીને લઈ જવી છે તેમ કહીને યુવતીના માતા પિતાને લાકડીથી ફટકાર્યા : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક આવેલા જીઈબી કોલોની ખાતે ગઈ કાલે સવારના અરસામાં એક યુવતીના ઘરે જઈ તેણીને પ્રેમ કરતા યુવાન શખ્સે ધમાલ મચાવી મુકી હતી. લાકડી લઈને યુવતીના ઘરે પહોંચી ગયેલા યુવાન શખ્સે યુવતીના માતા પિતાને 'તારી દિકરીને લઈ જવી છે' તેમ કહીને લાકડીથી ફટકાર્યા હતા. આ મામલે યુવતીના પિતાએ સે-૨૧ પોલીસ મથકમાં પોલિસ ફરિયાદ નોંધાવતા પીએસઆઈએ તપાસ શરૂ કરી છે.

જીઈબી કોલોનીમાં રહેતી એક યુવતીને પેથાપુર-મહુડી રોડ પર એક સોસાયટીમાં રહેતો યુવાન શખ્સ પ્રેમ કરતો હતો. યુવાન ગઈ કાલે સવારે સવા અગિયાર વાગ્યાના અરસામાં લાકડી લઈને યુવતીના ઘરે પહોંચી ગયો હતો અને યુવતીના પિતાને ઘરમાં ઘુસીને 'તારી દિકરીને લઈ જવી છે હું તેની સાથે જ લગ્ન કરીશ.' તેમ કહીને લાકડીથી મારવા લાગ્યો હતો. યુવતીની માતા વચ્ચે આવતા તેણીને પણ માર મારવામાં આવ્યો હતો. યુવતીના માતા પિતા બંનેને માર મારી યુવાન ફરાર થઈ ગયો હતો. આ મામલે ઘાયલ માતા પિતાએ હોસ્પિટલમાં સારવાર લઈ યુવતીના પિતાએ સે-૨૧ પોલીસ મથકમાં હુમલાખોર યુવાન સામે ફરિયાદ નોંધાવી છે. આરોપી યુવાન એક તરફી પ્રેમમાં હતો કે કેમ? તે સહિતની તપાસ શરૂ કરી આરોપીની ધરપકડ માટે પીએસઆઈ બી.જી. યાદવે વધુ તપાસ આરંભી છે.

# પ્લાસ્ટીકના ઉપયોગ માટે લાયસન્સ ફીમાં પુનઃ વિચારણા કરવા માંગ

### ફરસાણ ઉત્પાદકોએ કમિશનરનો આવેદન પત્ર આપી ઉગ્ર વિરોધ નોંધાવ્યો

ગાંધીનગર, તા. ૧૩

પ્લાસ્ટીક બેગના ઉપયોગ માટે લાયસન્સ ફીનો અમલ નહિ કરવા અને ૪૦ માઈક્રોન જાડાઈવાળી બેગ વાપરવાની છૂટ આપવા બાબતે આજે ગાંધીનગરના મીઠાઈ-ફરસાણના ઉત્પાદકોનું એક પ્રતિનિધિ મંડળ મ્યુનિ. કમિશનર મોદીને મળ્યુ હતુ અને આવેદન પત્ર આપ્યુ હતુ.

મીઠાઈ-ફરસાણ ઉત્પાદક મંડળના પ્રમુખ કૌશિક સુખડિયા અને મંત્રી દિલીપભાઈ સુખડિયાએ જણાવ્યું હતું કે મનપાએ પ્લાસ્ટીક બેગના જે નવા નિયમો બનાવ્યા છે તે અન્યાયકર્તા છે એટલુ જ નહિ પરંતુ વેપારીઓને જે લાયસન્સ લેવાની જોગવાઈ કરાઈ છે તે ધંધા-રોજગાર બંધ કરવા પડે તેવી સ્થિતિનું નિર્માણ કરે તેવા છે.

તેમણે આ આવેદન-પત્રમાં જણાવ્યુ છે કે મનપા દ્વારા પ્લાસ્ટીક બેગના વપરાશ માટે વેપારીઓને લાયસન્સ લેવાની જે યોજના બનાવી છે તેમાં માસિક ફી રૂ. ૪ હજાર નિયત કરવામાં આવી છે. શહેરના નાના અને સામાન્ય વેપારીઓ આટલી મોટી રકમ ભરપાઈ કરી શકે તેવુ સ્વાભાવિકપણે શક્ય નથી.

તેમણે આ આવેદન પત્રમાં એવો પણ તંત્ર પર આરોપ લગાવ્યો છે કે પાટનગરમાં પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ નિયમોનો તંત્ર દ્વારા એક તરફી અને મનસ્વી રીતે દુરૂપયોગ કરવામાં આવે છે. જેનાથી શહેરના તમામ વેપારીઓમાં રોષની લાગણી જન્મી છે.

તેમણે લાયસન્સ પ્રથા અંગે રાજ્ય અને કેન્દ્ર સરકારમાં મનપા રજુઆત કરે તેમજ વૈકલ્પિક સુવિધા ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી ૪૦ માઈક્રોન પ્લાસ્ટીક બેગનો ઉપયોગ કરવાની છૂટ આપવી જોઈએ તેવી માંગ કરી છે.

તેમણે જણાવ્યુ કે તેમનું મંડળ દરેક વખતે સરકારના નિયમોનું પાલન કરતુ આવ્યુ છે પણ આ નિયમ અસહ્ય છે. આ આગેવાનોએ મનપાએ પ્રજાને હેરાનગતિ ના થાય તે પણ વિચારવુ જોઈએ તેમજ શહેરનુ વાણિજ્ય જગત બંધ ના પડે તે બાબતે પણ વિકલ્પો વિચારવા જોઈએ તેવો આગ્રહ કર્યો છે.



## ચિલોડામાં બીપીએલ પરિવારો માટે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના સ્માર્ટ કાર્ડ વિતરણ

ગુજરાત સરકાર દ્વારા બીપીએલ પરિવારો માટે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના ૮ (આર.એસ.બી.આઈ.) બાયોમેટ્રિક કાર્ડ વીમાધારકોને આપવામાં આવી રહ્યા છે. ચિલોડા ગ્રામ પંચાયતના હોલમાં આ યોજના અંતર્ગત ગામના બીપીએલ પરિવારોના કાર્ડ કઢાવવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ યોજનામાં પરિવારમાં ૫ સભ્યો માટે રૂ. ૩૦,૦૦૦ની વીમાની રકમમાં પ્રીમિયમની ચુકવણી સરકાર દ્વારા કરવામાં આવે છે. વીમા ધારકે માત્ર રૂ. ૩૦ના રજિસ્ટ્રેશન ફીની ચુકવણી કરવી પડે છે.

## તાલુકા આરોગ્ય કચેરી કલોલ દ્વારા વિશ્વ વસતી દિનની ઉજવણી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

તાલુકા આરોગ્ય કચેરી કલોલ દ્વારા આગામી ૧૧ જુલાઈ, ૨૦૧૬ વિશ્વ વસતી દિન ઉજવણીના ભાગરૂપે દંપત્તિ સંપર્ક પખવાડીયું સ્વામી નારાયણ ગુરૂકુળ સંસ્થાના પ્રેમસ્વરૂપ હોસ્પિટલ ખાતે તાલુકાના તમામ મેડીકલ ઓફીસર આયુષ્ય મેડીકલ ઓફીસર, કર્મચારીઓ, આશા ફેસીલેટર આશા અને સીબીએસસી બહેનો મળીને કુલ ૪૫૦ જેટલા સ્ટાફનો સેમીનાર યોજાયો. આ સેમીનારના પ્રારંભમાં કુટુંબ કલ્યાણ કાર્યક્રમ બાબતે લોકોમાં લોક જાગૃતિ આવે તે હેતુથી કુટુંબ કલ્યાણના જુદા જુદા વિષયો તથા ઓઆરએસ અને જીંક ટેબલેટનો ઉપચાર જેવા વિષયોને લઈને તાલુકાના દરેક ગામમાં આ વિષયની જાગૃતિ આવે તે હેતુથી જાગૃતિ રથ બનાવવામાં આવેલ હતો. આ રથનું શ્રી પ્રેમસ્વરૂપ સ્વામીજી, શ્રીવાત્સલ્ય સ્વામીજી, શ્રીમતિ આનંદીબેન પટેલ, પ્રમુખ નગરપાલિકા કલોલ, ડૉ. ડી.સી. જાગાણી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ગાંધીનગર તથા જિલ્લાના અન્ય અધિકારી ગણ, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હર્ષદ પ્રજાપતિ, તાલુકાના અધિકારીગણ અને કર્મચારીગણ દ્વારા રથને લીલી ઝંડી આપી રથને તાલુકાના તમામ ગામમાં પ્રચાર અને પ્રસાર અર્થે રથનું પ્રસ્થાન કરાવવામાં આવેલ હતુ.




ફન પાર્કમાં પાણી : શહેરમાં છેલ્લા ૩૬ કલાકથી ધીમીધારે પડતા વરસાદથી નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા છે. સેક્ટર-૬માં વ્રતોની ઉજવણીના પગલે ફન પાર્ક ઉભું કરાયું છે ત્યાં પાણી ભરાતા ભારે હાલાકી સર્જાઇ હતી. બાળકોને ગેમ્સ સુધી પહોંચવાનો માર્ગ પાણીથી તરબતર થતાં કાદવ-કીચડ થયો હતો.

## ગાંધીનગરની સેવાભાવી સંસ્થાઓ દ્વારા અરવલ્લી જિલ્લામાં ૧૫ શાળાઓને શૈક્ષણિક સાધન સહાય



ગાંધીનગર, તા.૧૩

સમદર્શન આશ્રમ, એમ.પી.ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ તથા ગાંધીનગર એજયુકેશન ફાઉન્ડેશનના સૌજન્યથી અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાની ૧૫ પ્રાથમિક શાળાઓના તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધન સહાય આપવામાં આવી હતી. રાજસ્થાન બોર્ડરથી શરૂ કરી અંતરિયાળ વિસ્તારની શાળાઓ જેવી કે મોટા આમેરા, ઓઢા પહાડીયા, મેરવાડા, રંગપુર, અણસોલ ૧ તથા ૨, શામળાજી-૨, ભવાનપુરા ૧ તથા ૨, ગઢિયા, શામળપુરા ૧ તથા ૨, વજાપુર તથા ભિલોડા ૧ તથા ૨ નંબરની મળી કુલ ૧૫ પ્રાથમિક શાળાઓમાં તમામ વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકાર્યમાં ૧૦૦ નંગ સ્કુલ બેગ, ૮૧૬ નંગ ફુલસ્કેપ ચોપડા, ૧૨૦ નંગ વેકસ કલર, ૧૨૦ નંગ પેન્સિલ કલર, ૧૫૦ નંગ બોલપેન, ૪૦ નંગ કંપાસ બોક્ષ, ૨૦૦ નંગ રબ્બર, ૮૦ નંગ સંચાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ત્રણેય ટ્રસ્ટના ઉપક્રમે નરેશભાઈ ચૌધરી તથા મિલિન્દભાઈ ગુપ્તેના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. ગજાનન સેવા સમિતિ દ્વારા મિલિન્દભાઈએ આરોગ્ય વિષયક પ્રેરક માહિતી આપી હતી. આ સેવાકાર્યમાં આરોગ્ય વિભાગના નિવૃત્ત અધિકારી ગામેતીભાઈ તથા શાળાના સર્વે સ્ટાફ મિત્રો પણ જોડાયા હતા.

# પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનો ફરજીયાત અમલની સામે વિરોધ

### ખેડૂતોને ઓનલાઈન અરજી માટે ધક્કા ખાવા પડે છે : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત રાજ્યમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના સદંતર નિષ્ફળ જતાં ભાજપ સરકાર દ્વારા ધિરાણ મેળવતા તમામ ખેડૂતોને પાક વીમા હેઠળ ફરજિયાત આવરી લેવા સામે ખેડૂતોએ ભારે આક્રોશ સાથે ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો છે. વિવિધ પાકના વાવેતર માટે ધિરાણ લઈ દેવાદાર થઈ ગયેલા ખેડૂતો પાસેથી પાક વીમાના નામે ઉઘાડી લૂંટ ચલાવનાર ભાજપ સરકારને આ યોજનાનો ફરજિયાત અમલ બંધ કરવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપની કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અમલમાં મૂકવામાં આવી છે. પરંતુ ચાલુ ખરીફ સિઝનમાં આ યોજના ગાંધીનગર અને અમદાવાદ જિલ્લા સહિત રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં સદંતર નિષ્ફળ ગઈ છે. આથી ગુજરાતની ભાજપ સરકાર દ્વારા આ યોજનાનો ફરજિયાત અમલ કરાવડાવી ગરીબ અને અભણ ખેડૂતો પાસેથી ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે. કૃષિ અને સહકાર વિભાગ ગુજરાત રાજ્યના તા. ૧૬-૪-૨૦૧૬ના પરિપત્ર (PFB-102016-875-k-7) પ્રમાણે આ યોજના ખેડૂતો માટે મરજિયાત હતી. પરંતુ સરકારી મંડળીઓ સમક્ષ ધિરાણ મેળવતા ખેડૂતોએ ઉગ્ર વિરોધ કરતાં ભાજપની આ મહત્વકાંક્ષી યોજના સદંતર નિષ્ફળ નિવડી છે. પરિણામે રાજય સરકારે તા. ૭-૭-૨૦૧૬ના રોજ પરિપત્ર કરી ધિરાણ મેળવતા તમામ ખેડૂતો માટે આ યોજનાનો ફરજિયાત અમલ શરૂ કરાવ્યો છે. જેમાં ૧૬ જેટલા પાકો માટે બે થી ૫ ટકા પ્રિમિયમ રાખવામાં આવ્યું છે. અલગ - અલગ પાકના હેક્ટર પ્રમાણે વાવેતર અનુસાર આ પ્રિમિયમ ભરવાનું હોય છે. પરંતુ તેમાં હેક્ટર દીઠ ઉત્પાદન કે પાક નિષ્ફળતા અને વીમાના વળતર અંગે કોઈ જ વિગતો કે માહિતી આપવામાં આવતી નથી.

આ યોજનામાં સહકારી મંડળીઓ કે વિવિધ બેંકો દ્વારા ધિરાણ મેળવતા ખેડૂતોને ફરજિયાત પાક વીમા હેઠળ પ્રિમિયમ કાપી લેવાનો નિર્ણય કરાયો છે. જેમાં ધિરાણ ઉપર ૧ ટકા વ્યાજ ઉપરાંત ૫ ટકા સુધીનું પ્રિમિયમ ભરવાનું રહેશે. ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યના અનેક વિસ્તારો એવા છે કે જ્યાં દુષ્કાળ કે અર્ધઅછતની પરિસ્થિતિ ભાગ્યે જ સર્જાય છે. આથી આવા વિસ્તારના ખેડૂતો આ યોજનામાં સામેલ થવા ઈચ્છતા નથી. વાસ્તવમાં આ યોજના સહિત ધિરાણ અને અન્ય ખર્ચમાં કુલ ૧૭ ટકા જેટલું વ્યાજ ખેડૂતોને ભરવું પડે છે. જ્યારે બીજી તરફ રોઝ અને નિલગાયના ત્રાસથી પાકને વ્યાપક નુકસાન થાય છે. પરંતુ તે સામે કોઈ જ વળતર આપવામાં આવતું નથી. પ્રજાને રામભરોસે છોડી ઓનલાઈન ચાલતી આ ભાજપ સરકાર દ્વારા આ યોજના માટે પણ આઈ.ખેડુત પોર્ટલ

● અનુસંધાન પાના - ૭ પર

## વરસાદની સાથે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ : સાંજ ઢળતા જ અંધારપટ્ટ

ગાંધીનગર તા ૧૩

શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ થતા રાત્રિના સમયે નજર નાંખો ત્યાં અંધારપટ્ટ જોવા મળી રહયો છે. સેકટરોના આંતરિક માર્ગો ઉપરાંત નગરના મુખ્ય માર્ગો પર પણ લાઈટો ડુલ થઈ જવાથી સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. ગઈકાલે પણ સેકટરોમાં વરસાદી સમસ્યાઓ સાથે લાઈટો ડુલ રહેતા નગરજનોએ પારવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.

શહેરમાં વરસાદના આગમન સાથે સેકટરોમાં અનેકવિધ વરસાદી સમસ્યાઓ ઉભરાતી નજરે પડે છે. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા સાથે કાદવ કિચ્ચડની સાથે ગંદકીની સમસ્યા જટીલ બની છે. સેકટરોના માર્ગો પર કચરાના ઢગ જામ્યા છે. જયારે વરસાદી પાણીના ભરાવાના લીધે આગામી દિવસોમાં મચ્છરોનો ઉપદ્રવ પણ વધશે વરસાદની શરૂઆત સાથે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ થઈ જાય છે. શહેરના મુખ્ય આડા ઉભા માર્ગ પરની એલ ઈ ડી લાઈટો પણ ડુલ થઈ જતા અંધારુ છવાયેલુ જોવા મળે છે.

સેકટરોમાં પણ વરસાદી સાંજ ઢળતા જ અંધારાનુ સામ્રાજય છવાઈ જાય છે. વરસાદ પહેલા પણ સેકટરામાં ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. પરંતુ તંત્ર દ્વારા જરૂરી અભ્યાસ હાથ ધરી ફરિયાદો નિવારવા કોઈ પગલા લેવાયા ન હતા જેના પરિણામે હાલ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની ફરિયાદો વધી ગઈ છે. વરસાદના અંતે તંત્ર દ્વારા જરૂરી સર્વે હાથ ધરી બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા રજુઆત કરવામાં આવી છે.